ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પેશાવરમાં નિંદનીય આતંકી હુમલો

આતંકવાદનું પારણું ગણાતા પાકિસ્તાનના સરહદી શહેર પેશાવરમાં તાલિબાની આતંકવાદીઓએ એક લશ્કરી શાળામાં ઘૂસી જઇ નેવું બાળકો સહિત એકસો દસ જેટલા માણસોને હલાલ કરી નાખતાં દુનિયા સામે ડાચું ફાડી રહેલા આતંકવાદનો વધુ એક ક્રૂર ચહેરો આપણી સામે આવ્યો છે. પાંચસો બાળકોને બંધક બનાવાયાં છે. અઢાર-વીસ વરસના લવરમૂછિયા આતંકવાદીઓ પૈકી એક સ્યુસાઇડ બોમ્બરે એની જાતને ઉડાવી દીધી હતી. દોઢ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધરાવતી આ આર્મી સ્કૂલ પર થયેલ હુમલા પાછળનું કારણ એ દર્શાવાઇ રહ્યું છે કે પાક આર્મી આ તાલિબાન પરિવારોને પરેશાન કરતી રહી છે. એનો બદલો લેવા માટે આ હુમલો કરાયો હોવાનું કહેવાય છે. નોબેલ પારિતોષિક વિજેતા મલાલાને તાલેબાનો ઇસ્લામની દુશ્મન ગણે છે. મલાલાને ઇનામ અપાશે તો આવો આતંકી હુમલો થશે, એ મતલબની ધમકીઓ પણ સરકારને મળતી રહી હતી. ટૂંકમાં આવા હુમલાની આગોતરી જાણકારી હોવા છતાં પાક સરકાર આ હુમલો અટકાવી શકેલ નથી. આર્મી સ્કૂલ પર જ હુમલો થયો, તે પાક આર્મી માટે પણ નામોશીપૂર્ણ ઘટના છે. અગિયાર વાગ્યે સવારે છ થી સાત આતંકવાદીઓ શાળામાં દાખલ થયા. એક આતંકવાદીએ પોતાની જાતને ઉડાવી દીધા પછી અંધાધૂંધ ફાયરિંગ અને બોમ્બ બ્લાસ્ટ કરી સંખ્યાબંધ વિદ્યાર્થીઓની જાનહાનિ થવા પામી હતી. છેલ્લી મળતી માહિતી મુજબ હજી બે આતંકવાદીઓ સ્કૂલ-સંકુલમાં જ હતા. ત્રણેક આતંકવાદીઓને મારી નંખાયા છે અને એક તો જાતે જ ફિદાયીન બોમ્બ બ્લાસ્ટ કરી મરી ગયો છે. આટલી સુરક્ષિત જગ્યા પર તાલિબાન હુમલો કરી શકે છે, તે જ સૂચવે છે કે દુનિયામાં કોઇ સ્થાન આતંકવાદીઓના હુમલાથી સલામત નથી. એક આતંકવાદી રાષ્ટ્રની બાલિકાને દુનિયા માથે ઊંચકીને ફરે તે તાલિબાનોથી શેં સાંખ્યું જાય? વળી, દેખાવ ખાતર અમેરિકાને રાજી રાખવા પૂરતી પણ પાકિસ્તાની સરકાર તાલિબાનો વિરુદ્ધ લશ્કરી પગલાં લેવરાવતી રહી હતી, એનો આકરો બદલો આર્મી સ્કૂલનાં નિર્દોષ બાળકોની હત્યા દ્વારા લેવાયો છે. અલકાયદાના સુપ્રીમો ઓસામા-બિન-લાદેનને અને મુંબઇ બોમ્બ બ્લાસ્ટના મુખ્ય ગુનેગાર દાઉદને આશરો આપનાર પાકિસ્તાનને તાલિબાનોએ સબક શીખવ્યો છે. સિડની હુમલા પછી પાકિસ્તાનમાં બનેલી આ ગમખ્વાર ઘટનાએ દુનિયા આખી સમક્ષ આતંકવાદનો વિકરાળ ચહેરો છતો કરી દીધો છે. ઇસ્લામિક આતંકવાદ ઇસ્લામિક રાષ્ટ્રોને પણ બક્ષતો નથી. મલાલાને મળેલું નોબેલ ઇનામ તાલિબાનોને આંખના કણાની જેમ ખૂંચતું હતું. આવી ક્રૂર માનસિકતા ધરાવતા દહેશતગર્દ લોકો પાછા આવી હત્યાઓ અલ્લાહના અને ઇસ્લામના જ નામે કરતા રહે છે તે કેવી વિડંબના છે!

# અશ્વિનભાઈ કોમર્સ કોલેજના યજમાનપદે પાંચમી એથ્લેટીકસ મીટ યોજાઈ



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સે-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય શૈક્ષણિક સંકુલમાં આવેલ એ.એ. પટેલ કોમર્સ કોલેજના યજમાન પદે આજે પાંચમી એથ્લેટીકસ મીટ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એથ્લેટીકસ મીટ સે-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના મેદાન પર યોજવામાં આવી સવારે ૮ થી બપોરના ૪ વાગ્યા દરમિયાન યોજાઈ હતી જેમાં સર્વ વિદ્યાલય સાથે સંલગ્ન ૧૬ કોલેજમાંથી કુલ ૩૪૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

આ એથ્લેટીકસ મીટમાં અનેક રમતો જેમાં ૫૦૦૦ મીટર, ૧૫૦૦ મીટર, ૪x૧૦૦ રીલે જેવી દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, ચક્ર ફેંક, બરછી ફેંક વગેરેનો સમાવેશ થાય છે. આ એથ્લેટીકસ મીટના ઉદઘાટન સમારોહમાં સ્પોર્ટસ ઓથરીટી ઓફ ઈન્ડિયાના ડાયરેકટર આર.કે. નાયક, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, કોમ્પ્યુટર સાયન્સ વિભાગના ડીન ડૉ. એન.એન. જાની, બીબીએ કોલેજના ડીરેકટર ડૉ. રમાકાન્ત પૃષ્ટી, એ.એ. કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. જે.જે. ભટ્ટ તેમજ ઉપ આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા ઉપસ્થિત રહ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એ.એ. પટેલ કોમર્સ કોલેજના સ્પોર્ટસ ડાયરેકટર ડૉ. રણછોડ રથવી દ્વારા કરાયું હતું અને કાર્યક્રમના અંતમાં પ્રાધ્યાપક સમીર પંડયાએ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

# આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાના સંગઠન અને અમદાવાદ-ગાંધીનગર શહેર સાથે રાજ્યભરમાં નેટવર્ક ધરાવતી આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'શૈક્ષણિક ચિંતન શિબિર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રારંભે સંસ્થાના સતત પ્રવૃત્તિશીલ મહામંત્રી દિપકભાઈ આકેડીવાલાએ શાબ્દિક સ્વાગત કરેલ તેમજ સંસ્થાનો અહેવાલ આપ્યો હતો. માતૃછાયાના તંત્રી અને સામાજીક તથા રાજકીય આગેવાન ખેમચંદભાઈ સોલંકીએ શિબિરનું ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીરને ફૂલહાર કરી ઉદ્‌ઘાટન કર્યુ હતુ. તેમને સંસ્થાને પુરા તન, મનને ધનથી મદદ કરવાની ખાત્રી આી હતી. જિલ્લાભરમાં સમાજની એક માત્ર આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ નામની સંસ્થા જ શૈક્ષણિક તથા રોજગારલક્ષી પ્રવૃત્તિઓ કરી સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર છે તેવું તેમના પ્રવચનમાં જણાવ્યું હતું. સિબિરના અધ્યક્ષ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદના ચીફ મેનેજર મનુભાઈ રાઠોડને ભારપુર્વક જણાવેલ કે આ સંસ્થા સમાજમાં શિક્ષણની જ્યોત મજબૂત રીતે જગાવી કામ કરે તે માટે સંસ્થાને અભિનંદન પાઠવી સમાજ માટે સંસ્થા દ્વારા શૈક્ષણિક ભવન કરવા નાણાંકીય સ્રોત માટે મદદ કરવા સૌને અપીલ કરી હતી.

બનાસકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ અને ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એમ.બી. ડાંગે શિબિરમાં ખાસ ઉપસ્થિત રહી કાયદાકીય માહિતી આપી હતી. મહિલાઓની ખૂબ હાજરી હોઈ મહિલાઓના કાયદા કાનૂનની સમજ આપી કાનૂની શિબિરોથી જાગૃતતા લાવવા જણાવ્યું હતું.

નિવૃત્ત, અધિક મુખ્ય સચિવ અને ધારાસભ્ય આર.એમ. પટલે ખાસ ઉપસ્થિત રહી 'સ્પર્ધાત્મક પરીક્ષા અને કારકિર્દી માર્ગદર્શન' વિશે સવિસ્તાર માહિતી આપી સંસ્થા દ્વારા થતા કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરે છે તેવી ખુશી વ્યક્ત કરી સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક હસમુખભાઈ મોદીએ 'રાષ્ટ્ર અને સમાજમાં પરિવર્તન માટે એક માત્ર વિકલ્પ 'શિક્ષણ' વિશે ખૂબ જ સરળ ભાષામાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. સમાજ અને રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો સૌથી પહેલાં સૌએ શિક્ષણ લેવું પડશે. ડૉ. બાબા સાહેબ આંબેડકર શિક્ષણ મેળવી સમાજની જાગૃતતા માટે પોતાનુ જીવન ન્યોછાવર કરેલું, તે વાત દોહરાવી બંધારણના ઘડવૈયા ભારતરત્ન બાબા સાહેબની વાત કરી હતી. એમ.એન. કોલેજ, વિસનગરના પ્રોફેસર મુકેશ પટેલને 'રાષ્ટ્ર' અને સમાજમાં યુવાનો દ્વારા જ ક્રાંતિ' વિષય ઉપર ખૂબ જ પ્રસંશનીય માહિતી આપેલી. સુખી માણસ નહી પણ દુઃખી માણસ જ ક્રાંતિ કરી શકે તે માટે સચોટ ઉદાહરણો સહિત સમજ આપેલી. વનિતા શિશુ વિહાર સંસ્થાના પ્રમુખ નિરંજનાબેન પટેલ 'સમાજમાં મહિલાઓની જાગૃતિ' વિશે માહિતી આપી હતી.

નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર અન સંસ્થાના સુનિલભાઈ પરમારને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સમાજ શિક્ષણનું પ્રમાણ સુયોગ્ય તેમજ સંસ્થાની ભાવિ યોજનાઓ સાથે ખંતી મદદ કરે તેવી વાત દોહરાવી અપીલ કરેલી. કોર કમિટિના સદસ્ય ડૉ. ભીખુભાઈ આકેડીવાલા હાજર રહ્યા હતા.

શિબિરને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ સુનિલભાઈ પરમાર, મહામંત્રી શ્રી દિપકભાઈ આકેડીવાલા, ખજાનચી કરશનભાઈ પરમાર, ઓડીટર કરશનભાઈ મેતીયા, ઉપપ્રમુખ લક્ષ્મણભાઈ છાપીયા, રૂપાભાઈ પરમાર, જયંતિભાઈ કોઈટીયા, મેવાભાઈ સોલંકી, અશોકભાઈ ધરમાણી, ઈશ્વરભાઈ વાણીયા, સહમંત્રી કાંતિભાઈ મેતીયા, સંગઠન સલાહકાર સમિતિના સભ્યો નાનજીભાઈ પરમાર, નાથાભાઈ આકવોડ, અશોકભાઈ સહાની, ત્રિકમભાઈ પારંગી, ગણપતભાઈ પરમાર, હરજીભાઈ ચૌહાણ, સુધિરભાઈ ચૌહાણ, હીરાભાઈ પરમાર સૌએ સારા પ્રયત્નો કર્યા હતા.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, એક તો ઠંડી હતી અને, આ મને મજાકમાં 'ટાઢ-મુબારક' એવું કહેવા ઘરે આવ્યો, અને ગુસ્સામાં મેં એક ઝાપટ મારી એમાં!!

# આર.સી. પટેલ હાઈસ્કૂલમાં પ્રાથમિક સારવારનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ દ્વારા બાળકોને પ્રાથમિક સારવાર વિષય પર કાર્યક્રમ રાખેલ હતો. જાણીતા પિડિયાટ્રીસ્ટ સર્જન ડૉ. તેજસ નાયક દ્વારા પ્રાથમિક સારવાર એટલે શું, તે કેવી રીતે આપી શકાય, પ્રાથમિક સારવાર આપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી માહિતી આપી હતી. ડૉ. તેજસભાઈએ ડુબવુ, બળવું, હાર્ટ એટેક, અકસ્માત વખતે ધ્યાનમાં રાખવા જેવી માહિતી સુંદર ઉદાહરણો દ્વારા હળવી શૈલીમાં વાતાવરણને જીવંત રાખ્યું હતું. આહાર કેવો હોવો જોઈએ તે વિષય પર જણાવ્યું હતું.



### ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સની ટીમ બાસ્કેટબોલમાં ચેમ્પિયન

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની છોકરાઓની અન્ડર-૧૯ ની ટીમે અમદાવાદમાં યોજાયેલ બાસ્ટેક બોલની ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં મિરઝાપુરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની ટીમને હરાવી ગાંધીનગરની ટીમ ચેમ્પિયન બની હતી.

### સ્માર્ટ કિડઝ નર્સરી સ્કૂલના વાર્ષિકોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૧-એમાં આવેલ સ્માર્ટ કિડઝ નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૨૦મી ડિસેમ્બર યોજવામાં આવ્યો છે. આ વાર્ષિકોત્સવ સે-૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે સાંજે ૫ વાગે યોજાશે આ વાર્ષિકોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં હાજર રહેવા સ્કૂલના બાળકોના વાલીઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# યુનિવર્સિટી પાસેના રસ્તાઓની હાલત ખુબ ખરાબ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીને રાજયની સૌથી મોટી યુનિવર્સિટી ગણવામાં આવે છે જોકે આટલી મોટી યુનિવર્સિટીનાં રસ્તાઓ કોઈ ગામડાના રસ્તાઓ કરતા પણ ખરાબ હાલતમાં છે યુનિવર્સિટીની પાછળનાં ભાગમાં આવેલા રસ્તાઓની હાલત કાચા રસ્તાઓ ને પણ સારા કેહેવડાવે તેવી થઈ ગઈ છે તેમ તેમ છતાં તંત્ર દ્વારા આ રસ્તાઓના સમારકામ માટે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી વર્ષો થી આજ પરીસ્થિતીમાં રહેલા રસ્તાઓનાં કારણે યુનિવર્સિટીનાં પાછળનાં ભાગે વાહન લઈજ જવા કરતા પગપાળા જવાનું વિદ્યાર્થીઓ પહેલા પસંદ કરે છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુનિવર્સિટી અને અમદાવાદ એજયુકેશન સોસાયટી વચ્ચે ચાલી રહેલા મતભેદોના કારણે યુનિવર્સિટીનાં લાંબા સમયથી બિસ્માર હાલતમાં પડેલા રસ્તાઓનું કોઈ સમારકામ હાથ ધરાયુ નથી જેનાં કારણે વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીની મુલાકાત લેતા અન્ય મુલાકાતીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે યુનિવર્સિટીની ગર્લ્સ તેમજ બોયઝ હોસ્ટેલ તરફ જવાનો રસ્તો એટલી હદે ખરાબ છે કે ત્યાં કોઈ વાહન લઈને જવાની જગ્યાએ વિદ્યાર્થીઓ પગપાળા જવાનું પસંદ કરે છે તેમજ રસ્તામાં ઠેર ઠેર કચરાનાં ઢગ ખડકાયેલા છે તેનો પણ કોઈ નિકાલ થતો નથી.રસ્તા ઉપરની સ્ટ્રીટ લાઈટ પણ વર્ષોથી બંધ હોવા છતાં સમારકામ થતું નથી આ અંગે ગુજરાત યુનિવર્સિટી કુલપતી એમ.એન. પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાત યુનિવર્સિટીનાં પાછળનાં ભાગનો રસ્તો યુનિવર્સિટી અંતર્ગત આપતો નથી આ યુનિવર્સિટીનો કેટલાક ભાગ અમદાવાદ એજયુકેશન સોસાયટી હસ્તક છે તેથી ગુજરાત યુનિવર્સિટી આ રસ્તાનું સમારકામ કરાવી શકતી નથી ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનથી લઈને કુલપતી નિવાસ સુધીનું કાર્ય પૂર્ન કરી દેવાયુ છે પરંતુ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ તરફ જવાતા રસ્તાનું સમારકામ કયારે હાથ ધરાશે તેનો કોઈજ જવાબ સતાધીશો પાસે નથી.

### ગુજરાત યુનિવર્સિટી એથ્લેટીક સ્પર્ધામાં કલોલની કોમર્સ કોલેજનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૬

તાજેતરમાં તા. ૧૪-૧૫ ડિસેમ્બર દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સાઉથઝોન ઈન્ટર કોલેજ એથ્લેટીક સ્પર્ધા દેવગઢ બારીયા સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલ જેમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના ૪૦૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ. આ અથ્લેટીક સ્પર્ધામાં શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ, કલોલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ જેમાં સુનિલ પટેલ ચક્રફેંકમાં ગોલ્ડ મેડલ સાથે પ્રથમ સ્થાન, ગોળાફેંકમાં બ્રોન્ઝ મેડલ સાથે તૃતીય સ્થાન અને ધર્મેન્દ્રસિંહ દરબારે ટ્રીપલ જમ્પમાં સિલ્વર મેડલ સાથે દ્વિતીય સ્થાન લાંબીકુદમાં બ્રોન્ઝ મેડલ સાથે તૃતીય સ્થાન મેળવેલ છે. આ પ્રસંગે વિજેતા વિદ્યાર્થીઓ તથા સ્પોર્ટસ ડાયરેક્ટર ડૉ. બિમલકુમાર કે. જોષીને કલોલ તાલુકા કેળવણી મંડળના મંત્રીઓ પ્રફુલભાઈ તલસાણીયા, સંજયભાઈ શાહ, શૈલેષભાઈ વખારીયા તથા પ્રિ. શંકરસિંહ રાણાએ અભિનંદન પાઠવેલ છે.

# મોદી સરકાર નસીબદાર : પેટ્રોલ-ડીઝલના ભાવ સતત ઘટતા રહ્યા છે

**સમયસર**
- કેશુભાઇ દેસાઇ

મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ સરકાર સામે સૌથી મોટા બે આક્ષેપો થતા રહ્યા હતા. મોંઘવારી અને ભ્રષ્ટાચારના આ આક્ષેપોનો પ્રતીતિકર જવાબ નહીં આપી શક્યા એથી અર્થશાસ્ત્રી વડાપ્રધાન એમની સરકારની બીજી ટર્મમાં સંપૂર્ણપણે નિષ્ફળ વડાપ્રધાન સાબિત થયા. ખુદ કોંગ્રેસીઓ પણ એમની અકર્મણ્યતાથી નારાજ હતા, જે મણિશંકર ઐયર અને દિગ્વિજયસિંહ જેવા બોલકા કોંગ્રેસી નેતાઓનાં વખતોવખત આવતાં નિવેદનોમાં સ્પષ્ટ દેખાઇ આવતું હતું. ભ્રષ્ટાચારના ભોરિંગ કરતાં પણ વધારે જોકમી ફેક્ટર મોંઘવારી હતી. આ મોંઘવારીના મૂળમાં વિશ્વવ્યાપી મંદી ઉપરાંત પેટ્રોલ-ડીઝલના આસમાને ચડેલા ભાવ જવાબદાર ગણી શકાય. મોંઘવારી નાથવા માટેનાં એકાધિક વચનો મનમોહનસિંહ અને ચિદંબરમ્ આપતા રહ્યા હતા પરંતુ એનો અમલ ન કરી શક્યા. નરેન્દ્ર મોદીની સરકાર સામે પણ મોંઘવારી નાથવાનો સવાલ તો હતો જ. કાળાં નાણાં પાછા લાવવાના મુદ્દે નિષ્ફળ ગયેલી મોદી સરકારના પ્રારંભિક શાસનકાળમાં મોંઘવારી ઘટવાને બદલે વધતી હોય એવો માહોલ સરજાયો હતો. પરંતુ એમની વહારે નસીબની દેવી દોડી આવી હોય એમ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલના ભાવ ગગડતાં મોદી સરકાર માટે આ બાબત આશીર્વાદરૂપ નીવડી છે. પેટ્રોલ-ડીઝલ સસ્તું થતાં ટ્રાન્સપોર્ટેશન સહિત અનેક બાબતોમાં રાહત રહેતાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પણ ઘટ્યા છે. જથ્થાબંધ ભાવાંક જોતા મોંઘવારીનો અંક શૂન્ય પર આવી ગયો છે. મોદી સરકાર માટે આ મુદ્દો સ્વાભાવિક રીતે જ ઘણી રાહત લઇને આવ્યો છે. તાજેતરમાં પેટ્રોલમાં અને ડીઝલમાં લિટરે બે રૂપિયાનો ભાવ ઘટાડો અમલી બન્યો છે. અત્યાર સુધીમાં પેટ્રોલમાં પાંચમી વાર અને ડીઝલમાં ચોથી વાર ભાવ ઘટાડો કરાયો છે, તેથી દેખીતી રીતે જ આમ જનતાને રાહત અનુભવાઇ રહી છે. ભાવ ઘટાડા પાછળનુ કારણ ભલે કાચા તેલના આંતરરાષ્ટ્રીય બજારમાં છેલ્લા પાંચ વર્ષના તળિયે પહોંચી ગયેલો ભાવ જવાબદાર હોય, સામાન્ય પ્રજાને આંતરરાષ્ટ્રીય અર્થકારણની આંટીઘૂંટીની ખબર થોડી પડે છે? એ તો ભાવ ઘટાડીને પ્રજાને મોંઘવારીની નાગચૂડમાંથી છોડવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સફળ અને સક્ષમ વહીવટ કુશળતાને જ જશ આપશે. મોદી એ દૃષ્ટિએ જ જ નસીબદાર વડાપ્રધાન છે. મોંઘવારીમાં મળેલી રાહત અને પેટ્રોલ-ડીઝલના ભાવઘટાડાનો સીધો લાભ મોદીને જમ્મુ-કાશ્મીર તથા ઝારખંડની વિધાનસભાની ચૂંટણીમાં મળશે.

# નર્સિંગ કોલેજમાં શપથવિધિ કાર્યક્રમ યોજાયો

## કોલેજના કુલ ૨૦૦ વિદ્યાર્થીઓએ નર્સિંગ વ્યવસાય અપનાવવાના શપથ ગ્રહણ કર્યા



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સે-૧૨માં સિવીલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા ૧૩૦ વિદ્યાર્થીઓનો નર્સિંગને વ્યવસાય તરીકે સ્વીકારવાનો શપથવિધિ કાર્યક્રમ આજે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બેઝિક બીએસસી નર્સિંગ કોર્સના ૬૦ વિદ્યાર્થીઓએ, જીએનએમના ૫૦ તથા એએનએમના ૨૦ વિદ્યાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા.

આ શપથવિધિ કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ પ્રમુખસ્થાને તેમજ નર્સિંગ કોલેજના તથા યુએસએના મફતલાલ પટેલ અને તેમના પુત્ર શ્વેતલ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ સમારંભમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વાઈસ ચાન્સેલર ડી.ટી. કાપડિયા, સંવેદના ફાઉન્ડેશનના સી.એ. લાલભાઈ પટેલ, પટેલ બ્રધર્સના મેનેજીંગ ટ્રસ્ટી તુલસીભાઈ પટેલ તથા મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોએ શપથ લઈ રહેલા અને નર્સિંગ તાલીમમાં નવા આવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે આર્શીવચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ રવિનાબેને પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શન સાથે પાર પડાયો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)